# પરિવર્તન

– ડૉ. કનુભાઈ કરકર

ચકીબહેનની દરખાસ્તથી સભામાં સાપો પડી ગયો. ચકીબહેને સભામાં પ્રશ્ન રજૂ કર્યો હોય તેવું ક્યારેય બન્યું નહતું. તેની પ્રથમ વખતની ફરિયાદથી સૌ વિચારમાં પડી ગયાં. ચકીબહેન તો કાયમ માનવજાતનો પક્ષ લેનારા અને આજે તેણે તેના વિરુદ્ધમાં ફરિયાદ રજૂ કરી ! સૌને નવાઈ લાગી. સભામાં ગણગણાટ શરૂ થઈ ગયો. સૌ ચકીબહેનની તરફેણ કરતાં હતાં. સૌના મનનો પ્રશ્ન અહીં રજૂ થયો હતો. પ્રશ્ન રહેઠાણનો હતો. સામાન્ય દિવસોમાં તો ગમે તેમ રહીએ પણ બચ્ચાના ઉછેરમાં થોડી ઘણી તો સુવિધા જોઈએ જ ને ! આ પ્રશ્નના મૂળમાં વૃક્ષો ઘટયાં હતાં તે કારણ હતું અને તેને માટે સૌ માનવજાતને જવાબદાર ઠેરવતું હતું. વૃક્ષો કાપીને માનવજાતે પોતાનાં મકાનો ઉગાડયાં. ‘હવે અમારે માળા ક્યાં બાંધવા’ એ સૌને પ્રશ્ન હતો.

પોપટે પોતાની સમસ્યા રજૂ કરતાં જણાવ્યું કે, ઝાડની બખોલમાં મારો માળો હોય. લોકોએ બખોલ થાય તેવા ઝાડ કાપી નાખ્યાં અને ક્યાંક વાવ્યાં તો ‘દેખાવના’ વાવ્યાં, જેમાં બખોલ જ ન થઈ શકે.

સૌ પોતપોતાની મુશ્કેલીઓ જણાવતું હતું. ત્યારે દરજીડાભાઈ બોલવા ઊભા થયા અને સૌ તેને સાંભળવા માટે શાંથ થઈ ગયા. દરજીડો તો માળા બાંધવાનો સ્થપતિ ગણાય. મોટાં પાંદડાવાળાં વૃક્ષોની કમી તેણે વર્ણવી. સરૂ જેવા દેખાવડાં વૃક્ષો તેણે ગુસ્સો વ્યક્ત કર્યો. સુતરના તારને મેળવવામાં પડતી મુશ્કેલી અને પ્લાસ્ટિકના તારને ગાંઠ વાળવામાં થતી સમસ્યા સાંભળી સૌની સહાનુભૂતિ દરજીડા તરફ વળી.

કાગડાભાઈ કશુંક કહેવા ઊભા થયા. ‘આ ક્યાં વચ્ચે ટપક્યો’ તેવા નકારાત્મક ભાવ સૌના ચહેરા પર એક સાથે ઊમટયા. કાગડાભાઈની કર્કશ વાણી સૌના કાને અથડાઈ. આપણે સૌએ એકતરફી ન વિચારવું જોઈએ. પર્યાવરણની વૈશ્વિક સમસ્યાને કારણે વૃક્ષો ઘટયાં છે. તેનો સંપૂર્ણ દોષ મનુષ્યને માથે ન નાખી શકાય.

સભામાં વિરોધનો વંટોળ ચાલ્યો. હો...હો...થઈ ગઈ. કાબરે ઘાટો પાડીને કહ્યું, ‘જેમને માળો બાંધવામાં ત્રણ તીરખા જોઈએ, બાવળ પણ ચાલે અને આવળ પણ. તેમને આ સમસ્યા નહીં સમજાય.’

આવા અંગત આક્ષેપો સાંભળી કોયલબહેનના પેટમાં દાજ્યું. તેમણે કાગડાભાઈનો પક્ષ લેતાં જણાવ્યું કે, ‘કાગડાભાઈની વાત સાચી છે. મારું કહેવું છે કે....’ ત્યાં તો સભામાં હાકલા પડકારા શરૂ થઈ ગયા. જેમને કોયલ સાથે જન્મારાનો વિરોધ છે તેવા બુલબુલે નિવેદન કર્યું કે જેઓ માળો બાંધવાનો બિલકુલ અનુભવ ધરાવતા નથી તેમણે કશું બોલવું જરાય વ્યાજબી નથી.

સુગરીબહેને બંને પાંખો ઊંચી કરી સૌને શાંત રહેવા જણાવ્યું. સભામાં ઉપસ્થિત સૌને તેની માળો બાંધવાની તજ્જ્ઞતા પર માન હતું. સૌ શાંત થયા. કાગડાભાઈએ એક પાંખ ઊંચી કરી તેને હજુ કશુંક કહેવું હતું. સુગરીબહેને તે જોઈને સૌને જણાવ્યું કે, જેમ મારો માળો વખણાય છે તેમ માળાની બાબતમાં કાગડાભાઈનો 'આશરા ધરમ' પણ વખણાય છે. આપણને સૌને મહેમાનનો અનુભવ નથી, જે કાગડાભાઈને છે. કાગડાભાઈની ઉદારતાને ધ્યાનમાં લઈ આપણે તેમને સાંભળવા જોઈએ. બોલો કાગડાભાઈ, 'શાંત પળોમાં ભાઈની ઉદારતા કે મુર્ખાઈ ?' એવી લલેડાની હળવી ટકોર એક ખૂણામાં હાસ્ય પ્રસરાવી ગઈ.

કાગડાભાઈએ ઠાવકું મોં કરી કહ્યું, 'આટલો જમાનો બદલાયો છે, પણ આપણે હજુ જરાય બદલાયા નથી. આપણા બાપદાદા હજારો વર્ષ પહેલાં જેવા માળા બાંધતા હતાં તેવા જ આપણે બાંધીએ છીએ. પશુઓ એ.સી.માં રહેવા માંડયા છે. કૂતરાઓ સાબુથી સ્નાન કરવા માંડયા છે ને આપણે સૌ....'યુગ બદલેગા....હમ નહીં બદલેંગે..., સમય સાથે નહીં બદલાઈએ તો ફેંકાઈ જઈશું.' પોતાની આગ ઝરતી વાણીને વિરામ આપીને કાગડાભાઈ બેસી ગયા.



સભામાં શાંતિ પથરાઈ ગઈ. સૌ વિચારતા થઈ ગયા. સૌને કાગડાની વાતમાં સત્યનો રણકો જણાયો. સુગરીએ શાંત સ્વરે કહ્યું, 'મારો માળો પણ મોટા ભાગે કૂવામાં લટકતા ઝાડની છેલ્લી પાતળી ડાળી પર હોય છે. લોકો 'બોર' કરાવવા માંડયા છે એટલે હવે કૂવા ઘટતા ચાલ્યા છે. આવા સંજોગોમાં રહેઠાણ વિશે નવેસરથી વિચારવાનું મેં પણ કાગડાભાઈની જેમ નક્કી કર્યું છે.' ટીટોડીબહેને તરત ટાપસી પૂરી ''જમીન પર અમે વરસોથી ઈંડા મૂકીએ છીએ. બચ્ચા રખડતા, ભટકતા મોટા થાય. કેટલાક મરી જાય. હવે અમે મકાનના ધાબા ઉપર ઈંડા મૂકવાનું શરૂ કર્યું છે. ભારે અનુકૂળતા પડે છે. કૂતરાનો તો જરાય ભય નહીં.''

સભામાં ફરી ગણગણાટ શરૂ થયો. કેટલાકે ટીટોડીની વાહ વાહ કરી. 'આપણે પણ કાંઈક નવું કરી શકીએ' એવો વિચાર શરૂ થયો.

ચકીબહેને પ્રસ્તાવ મૂક્યો. ''આપણે સૌ આપણી બુદ્ધિને કામે લગાડીએ. એક વર્ષ સુધી દરેક પોતાની કુશળતા મુજબ અખતરા કરે અને રહેઠાણ માટે નવા નવા પ્રયોગ કરે. વર્ષાંતે આપણે ફરી પાછા મળીએ અને સૌ પોતપોતાના અનુભવ કહે અને આગળની યોજના ત્યાર પછી બનાવીશું.''

વળી એક વિઘ્ન આવ્યું. ગીધભાઈએ પોતાની વિશાળ ડોક ધુણાવી આવા અખતરા કરવાની ના પાડી. 'અમારું કદ, અમારો ખોરાક, અમારા બચ્ચાઓની ખાસ સગવડો વગેરેને ધ્યાનમાં લઈ અમે આવા અખતરા કરી શકીએ તેમ નથી.'

'તમે જો કારણો રજૂ કર્યાં તે તો અખતરો કરવા માટેનાં છે.' કાળી કોશી મમરો મૂકી ચૂપ થઈ ગઈ.

'અહીં તમે સૌએ રજૂ કરેલ મુશ્કેલીઓ પૈકી એક પણ મુશ્કેલી મને નથી કારણ કે મારું રહેઠાણ ગાઢ જંગલમાં છે. હું પણ આવા અખતરા કરવા રાજી નથી.' ચિલોતરાએ વિરોધનો સૂર ફૂંક્યો.

સૌ શાંત થઈ ગયા. પ્રસ્તાવનું બાલમરણ હવે હાથવેંતમાં હતું.

'કોઈ નવો અખતરો કરે કે ન કરે હું તો કરીશ જ.' ચકીબહેને દ્રઢતાથી કહ્યું.

'જેને નૂતન રહેઠાણ માટેના અખતરા ન કરવા હોય તેને છૂટ' આવા નિર્ણય સાથે સૌ છૂટા પડયા.

એક વર્ષ બાદ પક્ષીઓની સભા મળી. સૌ અનેરા ઉત્સાહ સાથે આવ્યા હતા. મોટા ભાગના તેમના બચ્ચાઓને સાથે લાવ્યા હતા. બચ્ચાઓ માટે અલગ અને વિશેષ વ્યવસ્થા કરી હતી. સૌ યથાસ્થાને ગોઠવાયા. અનુભવકથન શરૂ થયું.

પોપટે ગજ ગજ છાતી ફુલાવતાં કહ્યું, ''મેં તો હવે મનુષ્યોનાં મકાનમાં જ રહેવાનું શરૂ કર્યું છે. તેઓના કનેરામાં, ગોખલામાં કે દીવાલની તિરાડમાં એમ ક્યાંક ને ક્યાંક ખાસ મહેનત વગર રહેઠાણ મળી જાય છે. પૂરતી સલામતી. ખાવા પીવાનું નજીક અને એય લીલાલહેર છે...હા ક્યારેક ખીસકોલીબહેન સાથે મીઠો ઝઘડો થાય છે.'' સભામાં હાસ્યનું મોજું ફેલાયું.

ચકીબહેને વાત સાંધતાં કહ્યું, ''હવે અમે માળા બાબતમાં નિશ્ચિત થઈ ગયા. મનુષ્યના દરેક ઘરમાં છબી હોય તેની પાછળ મારો નાનકડો માળો આસાનીથી સમાઈ જાય છે. અરે...પંખાનું રેગ્યુલેટર પણ પૂરતું છે. વળી, ઘાસ ક્યાંય શોધવા નહીં જવાનું ગૃહિણીઓ સાવરણી આપણા માટે જ લાવે છે. પ્લાસ્ટિકના દોરાથી માળાની ગાદી સજાવી લઉં છું.'' આવા તો કેટલાંય પરાક્રમો ચકીબહેને વર્ણવ્યાં.

હોલીબહેને પોતાના અનુભવને વર્ણવતાં જણાવ્યું, ''મારું સૌને આમંત્રણ છે કે મારો માળો જોવા એક વાર સૌ આવો. હવે ત્રણ ટીટિયાનો માળો નથી. રજવાડી માળો છે. માળાના ફરતા પુષ્પોનો મઘમઘાટ અને ભમરાઓનો ગુંજારવ.....''

''અરે કહો તો ખરા તમે ક્યાં માળો બાંધો છો ?'' કુતૂહલથી બુલબુલે પૂછ્યું.

''મનુષ્યો આજકાલ ઘરે ઘરે વેલ વાવે છે. ક્યાંક જૂઈ તો ક્યાંક મધુમાલતી. બસ, આ વેલામાં માળો બાંધવાની મજા આવે છે.''

કેટલાકને હોલીની ઈર્ષ્યા આવી. ચકીબહેને તો મોં મચકોડયું. ત્યાં તો કાગડાભાઈએ વાત માંડી. સૌએ ઉત્સાહથી તેના તરફ જોયું. ''આમણે તો કાંઈક નવું જ કર્યું હશે ?'' કોઈકે ટપકું પણ મૂક્યું.

''મને હવે માળા બાંધવાની સમસ્યા નથી, અનેક ઠેકાણાં શોધી કાઢયાં છે. તેમાં સૌથી સારું ઠેકાણું ઈલેક્ટ્રિકનો થાંભલો છે.'' કાગડાભાઈએ કહ્યું.

સૌને કાગડાના સાહસ પર માન થયું. અન્ય પક્ષીઓએ પણ પોતે પોતાની વાત કરી.

આ સભામાં ગીધ, ચીલોત્રો વગેરે કેટલાંક પક્ષીઓ હાજર ન હતાં. ગત સભામાં તેઓએ આવા નૂતન પ્રયોગનો વિરોધ કર્યો હતો.

કબૂતરે સમાપન કર્યું. જેણે જેણે નવા અખતરા કર્યા હતા તેને બિરદાવ્યા. હજુ વિશેષ અખતરા કરવા અને બદલાતી પરિસ્થિતિ સાથે તાલ મિલાવવા અનુરોધ કર્યો. જે પક્ષીઓએ આવા નૂતન વિચારો અપનાવ્યા નથી અને તે માટેના અન્યના અનુભવો સાંભળવાની પણ દરકાર કરી નથી તેઓ માટે સંદેશ મોકલ્યો કે, ''પરિવર્તન નહીં સ્વીકારે તો સમગ્ર જાત સાથે નાશ પામવાની તૈયારી કરવી પડશે.''

■